અપીલ અરજી નં.૨૦૨ તા.૨૩–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૫–૮–૧૦ ની અરજીથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫૧ તારીખ. ૨૫–૭–૧૦ ના રોજના જવાબનાં અનુસંધાનમાં રવિંદ્ર વાલજી સીરસાટે નોંધાવેલ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ નથી? માહિતી અધિકારી અમોને માહિતી રૂપે જવાબ આપે છે. ફરીયાદનો નિકાલ કરેલ છે, ફકત ફરીયાદનો નિકાલ આરોગ્ય વિભાગનાં રેકર્ડ ઉપર નિકાલ થયેલ છે. પરંતુ એ ફરીયાદ બાબતમાં વારે ઘડી અરજી આવતી હોય તો પણ આરોગ્ય નિરીક્ષક સ્થળ તપાસ કેમ કરતા નથી? રવિંન્દ્ર વાલજી સીરસાટે તા.૪–૩–૧૦ ના રોજ જે બાબતે અરજી કરેલ છે. તેનો નિકાલ થયેલ છે યા નથી? એની આરોગ્યઅધિકારીએ કઈ તારીખે સ્થળ તપાસ કરેલ છે. કે ફકત રેકર્ડ ઉપરની બનાવટી માહિતી પરથી જવાબ આપેલ છે. આરોગ્ય નિરીક્ષકને જો ફુરસદ હોય તો જરા સ્થળ ઉપર આવીને જરા તપાસ કરે અને પછી જવાબ આપે. આરોગ્ય નિરીક્ષક તપાસ કયારે કરવા આવવાના છે એની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૯–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૨/૨૦૧૦–૧૧

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૫–૮–૧૦ ની અરજીથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫૧ તારીખ. ૨૫–૭–૧૦ ના રોજના જવાબનાં અનુસંધાનમાં રવિંદ્ર વાલજી સીરસાટે નોંધાવેલ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ નથી? માહિતી અધિકારી અમોને માહિતી રૂપે જવાબ આપે છે. ફરીયાદનો નિકાલ કરેલ છે, ફકત ફરીયાદનો નિકાલ આરોગ્ય વિભાગનાં રેકર્ડ ઉપર નિકાલ થયેલ છે. પરંતુ એ ફરીયાદ બાબતમાં વારે ઘડી અરજી આવતી હોય તો પણ આરોગ્ય નિરીક્ષક સ્થળ તપાસ કેમ કરતા નથી? રવિંન્દ્ર વાલજી સીરસાટે તા.૪–૩–૧૦ ના રોજ જે બાબતે અરજી કરેલ છે. તેનો નિકાલ થયેલ છે યા નથી? એની આરોગ્ય અધિકારીએ કઈ તારીખે સ્થળ તપાસ કરેલ છે. કે ફકત રેકર્ડ ઉપરની બનાવટી માહિતી પરથી જવાબ આપેલ છે. આરોગ્ય નિરીક્ષકને જો ફુરસદ હોય તો જરા સ્થળ ઉપર આવીને જરા તપાસ કરે અને પછી જવાબ આપે. આરોગ્ય નિરીક્ષક તપાસ કયારે કરવા આવવાના છે એની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલની નકલ સહ બાબત હેઠળની ફરીયાદ અંગે થયેલ કાર્યવાહીની રજીસ્ટરે નોંધાયેલ વિગતો પૂર્તતા સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૯ તા.૩૦–૯–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અજીમાં શ્રી રવીન્દ્ર વાલજી સીરસાટની તા.૨૫–૭–૧૦ ની અરજીની નકલ તથા તે અંગે કોઈ પ્રત્યુત્તર મળેલ હોય તો તેની વિગતો સામેલ કરેલ નથી જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૧ તા.૬–૧૦–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારની તા.૮–૭–૧૦ ની માહિતી માંગતી અરજી તથા તે અંગે અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૧ તા.૨૬–૭–૧૦ ના પત્રની નકલ, અરજદારને માહિતી પૂરી પાડતા પત્ર નં.ઈ.ઝેડ/૩૦૮ તા.૩૧–૦૮–૧૦ ની નકલ તથા નકલ રીસીવ કર્યા અંગેની પુરાવાની નકલ, સદર નોંધાયેલ ફરીયાદ રજીસ્ટરના પાના નં.૧૦૨ ની નકલ, તથા ફરીયાદ કાર્ડની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૯ તા.૩૦–૯–૧૦ ના સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા. ૫–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૫–૮–૧૦ નીઅરજીનો જવાબ ૩૦ દિવસમાં આપવામાં આવેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી અરજી બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૩૦૮ તા.૩૧–૮–૧૦ થી અરજદારને સમય મર્યાદામાં " ઈ.ઝેડ/આરટીઆઈ/૨૫૧ તા.૨૫–૭–૧૦ ના રોજના જવાબમાં રવિન્દ્ર સીરસાટ નોંધાયેલ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે તેમજ ફરીયાદનો ઝોન કચેરીના રજીસ્ટરમાં નોંધ કરી તા.૪–૩–૧૦ ની ગટર લાઈન ચોંકીંગ દુર કરવામાં આવેલ છે. તેમજ આ બાબતે આરોગ્ય નિરીક્ષક તેમજ ઉપરી અધિકારી ધ્વારા સ્થળ તપાસ કરવામાં આવી છે તેમજ અરજદારને રૂબરૂ સ્થળ તપાસ દરમ્યાન રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે. રેકર્ડ ઉપર કોઈ બનાવટી માહિતી હોતી નથી જે જવાબ સાચો છે" તેવી માહિતી આપવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે રજૂ કરેલ જાહેર આરોગ્યને લગતી ફરીયાદના કાર્ડની નકલ તા.૪–૩–૧૦ દર્શાવેલ છે. જેની નિકાલ ડ્રેનેજ બેલદાર રમેશભાઈ કનુભાઈએ કરેલ

છે તેની પણ નોંધ કરેલ છે. વધુમાં ફરીયાદ રજીસ્ટર ના પાના નં.૧૦૨ ઉપર ફરીયાદના નિકાલ કર્યાની તા.૪–૩–૧૦ દર્શાવેલ છે. તેમજ અરજદારે આપેલી માહિતી અંગેના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૦૮ તા.૩૧–૮–૧૦ મેળવેલ ઈન્વર્ડ રજીસ્ટરમાં સહી કરેલ છે તેની નકલ પણ રજૂ કરેલ છે. આમ અરજદારને રૂબરૂમાં જવાબ મેળવેલ પત્ર અનુસાર જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,